
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રસ્તુત કરે છે.

# અમદાવાદ આરોગ્ય અભિયાન

# કિશોરાવસ્થા દરમ્યાન થતાં ફેરફાર



Namaste
LIFE

# કિશોરાવસ્થા દરમ્યાન અનુભવાતા બાહ્ય અને આંતરિક પરિવર્તનો હોરમોન્સ(સ્ત્રાવો)ની  ક્રિયાશિલતાને આભારી છે.




# ચાર પ્રકારનાં પરિવર્તનો

- શારીરિક વિકાસ
- માનસિક વિકાસ
- સ્વાસ્થ્ય સંબંધી વર્તન
- જાતીય વર્તન



# શારીરિક વિકાસ

- કદમાં વૃદ્ધિ થવી
- શરીર ભરાવદાર અને સુંદર થવું.
- બાહ્ય અને આંતરિક જાતીય અંગોની વૃદ્ધિ અને વિકાસ.



# માનસિક વિકાસ

- માનસિક પરિપકવતા તરૂણીઓમાં ઝડપથી આવે છે.
- કુટુંબ અને સમાજમાં સાનુકૂલન સાધવા માટેની સમજવામાં વૃદ્ધિ.
- ચિંતા, દ્વિધા, અશાંતિ અને મૂંઝવણમાં વધારો
- સંઘર્ષ કરવાનું વલણ.






# સ્વાસ્થ્ય સંબંધી વર્તન

- પોતાના સ્વવિકાસને અરીસામાં શરીરને વારંવાર જોવાની ઉત્કંઠા
- દેખાવ પ્રત્યે વધુ સભાનતા.
- સાહસિક વૃતિ
- મિત્રોના વર્ચસ્વને કારણે ખોટી સોબત હોયતો ગુટખા, સિગારેટ, દારૂ અને નશીલાં દ્રવ્યોનાં એદીને કેદી બનવાનું વલણ.









# જાતીય વર્તન


- તરૂણાવસ્થામાં સેકસ હોર્મોન્સ બને છે
  - તરૂણોમાં ટેસ્ટોસ્ટેરોન
  - કિશોરીઓમાં ઈસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન
- પ્રજનન અવયવો વિકસે છે






# જાતીય વર્તન

- વ્યકિત જાતીય રીતે કાર્યશીલ બને છે.
- એકબીજા પ્રત્યે વિજાતીય આકર્ષણ સ્વાભાવિક છે.
- છોકરાઓમાં સ્વપ્નસ્રાવ થાય છે
- છોકરીઓમાં માસિક આવવાની શરુઆત થાય છે





# સામાજિક ફેરફાર

- સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગે છે.
- એકાંતમાં રહેવાનું વધુ પસંદ કરે છે.
- અન્ય લોકો સાથે વાતચીત કરતાં શીખે છે.



# સામાજિક ફેરફાર

- વિવિધ પ્રસંગોએ કેવો વ્યવહાર કરવો તેની સમજ આવે છે.
- સમવયસ્ક મિત્રો પર વધુ વિશ્વાસ મુકે છે, અને તેમની વાત સાચી માને છે.
- સંગીત, નૃત્ય, નાટક જેવી વિવિધ લલિતકલાઓમાં અભિરૂચિ કેળવે છે.





# ભાવનાત્મક ફેરફાર

- પોતાની આગવી પ્રતિભા સ્થાપિત કરવા પ્રયાસ કરે.
- વધુ લાગણીશીલ બને.
- પ્રેમ, કોધ, ચિતાં, હતાશા વગેરે ભાવ જોવા મળે.





# ભાવનાત્મક ફેરફાર

- શરમ સંકોચની સાથે ઈર્ષા, વિદ્રોહની ભાવના જન્મે.
- કલ્પનાઓ અને દિવાસ્વપ્નોમાં વધુ રાચે.
- જાતીય આવેગો અનુભવે કરે.
- અનેક પ્રકારની મુંઝવણો અનુભવે છે





# માનસિક ફેરફાર

- ચિંતન, તર્ક, વિશ્લેષણ શકિતમાં વધારો થાય.
- અભિવ્યકિત અને રસ રૂચિમાં વધારો થાય.
- વિજાતીય આકર્ષણમાં વધારો થાય.
- દિવાસ્વપ્નમાં રાચે છે.





# માનસિક ફેરફાર

- પરિવાર કરતાં મિત્રોમાં રહેવાનું વધુ પસંદ કરે.
- પોતાના સૌદર્ય, પોષાક, રહેણીકરણી પ્રત્યે વધુ સભાન બને.
- કાર્યક્ષમતા અને જિજ્ઞાસાવૃતિમાં વધારો થાય.
- ભાવિ કારકિર્દી માટે ચિંતીત રહે.





# વૃધ્ધિ

- વૃધ્ધિ એટલે શરીરના વજન અને ઊંચાઈમાં થતો વધારો.
- બાળક જન્મે છે ત્યારે
  - ૨.૫ થી 3.૫ કિગ્રા જેટલું વજન હોય
  - ૫૦ સે.મી. જેટલી લંબાઈ હોય
- કિશોરાવસ્થામાં વજન અને ઊંચાઈ સવિશેષ વધે.



# વિકાસ

- અનેક ક્ષમતાઓની કેળવણી
- અનેક કૌશલ્યોની કેળવણી
- અંગોનો ઉપયોગ કરતાં સ્વયં  શીખવું
- બૌધ્ધિક વિકાસ









# વય સંબધી વિકાસ

- ૧૦ - ૧૯ વર્ષની વયના ગાળાને કિશોરાવસ્થા (તરૂણાવસ્થા) કહે છે.
- કિશોરાવસ્થામાં  બાળક સ્વાવલંબી બને છે.
- શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો ઝડપી થાય છે.







# કિશોરાવસ્થામાં થતાં ફેરફારો - શારીરિક વૃધ્ધિ અને વિકાસ

- બાળકનો વિકાસ ૯ વર્ષની ઉંમર સુધી ધીમી ગતિએ થાય છે.
- છોકરીઓમાં ૧૦થી૧૨ વર્ષની ઉંમરથી વૃધ્ધિ અને વિકાસ ખુબ ઝડપથી થાય છે
- છોકરાઓમાં ૧૨થી૧૪ વર્ષની ઉંમરથી વૃધ્ધિ અને વિકાસ ખુબ ઝડપથી થાય છે
- જે ૨૦ વર્ષની ઉંમર સુધીમાં સંપૂર્ણ રીતે પરિપકવ બને છે.








# કિશોરાવસ્થામાં થતાં ફેરફારો - શારીરિક વૃધ્ધિ અને વિકાસ


| કિશોર | કિશોરી |
|---|---|
| ઊંચાઈ અને વજનમાં વધારો થાય. | ઊંચાઈ અને વજનમાં વધારો થાય. |
| અવાજ ગાઢો અને પુખ્ત પુરૂષ જેવો બને. | અવાજ તીણો બને. |
| ખભા પહોળા થાય. | નિતંબ પહોળા થાય. |
| શરીર સ્નાયુદાર બને. | સ્તનનો વિકાસ થાય. |
| બગલમાં, જાંઘ પર, પ્રજનન અંગોની આસપાસ અને છાતી પર વાળ ઊગે. | બગલમાં, જાંઘ પર, પ્રજનન અંગોની આસપાસ વાળ ઊગે. |
| વીર્ય સ્ખલનની શરૂઆત થાય. | માસિકસ્ત્રાવની શરૂઆત થાય. |
| રમત ગમત અને મેદાની રમતોમાં વધુ રસ પડે. | ગીત, સંગીત, નૃત્ય, ભરતગૂથણ વગેરેમાં રસ પડે |
| દાઢી મૂછો ઉગે. | |

# કિશોરીની ઊંચાઈમાં વૃધ્ધિ

- પ્રથમ માસિકસ્ત્રાવ પહેલાં કિશોરીની ઉંચાઈ ખૂબ ઝડપથી વધે છે
- પછી ઉંચાઈ વધવાની ઝડપ ખૂબ ધીમી પડી જાય છે.
- પુખ્ત ઉંમરની ૯૮% ઉંચાઈ પ્રથમ માસિકસ્ત્રાવ પહેલાં થાય છે.



- છોકરાઓ અને છોકરીઓ મોટા થતાં વિવિધ પ્રકારના પરિવર્તનો અંગે તેમનામાં ધીમે ધીમે સમજ વિકસે છે.
- ૯ થી ૧૪ વર્ષની વય વચ્ચેના છોકરાઓ અને છોકરીઓના શરીરમાં ફેરફારો ઝડપી થાય છે.
- વિકાસનો આ તબકકો પૂરો થતાં આશરે સાત વર્ષ લાગે છે.



# છોકરામાં આવતા પરિવર્તનો

છોકરાઓમાં ૧૦-૧૪ વર્ષ દરમિયાન ઝડપથી શારીરિક પરિવર્તનો આવે


- અવાજમાં પરિવર્તન - ઘેરો અવાજ
- ચહેરા પર દાઢી મૂછ ઉગવું
- છાતી, પગ, ચહેરા, બગલ અને પેઢાના ભાગ પર વાળ ઉગવા શરૂ થાય
- સ્વપ્નદોષની શરૂઆત
- પ્રસ્વેદ ગ્રંથિઓ ઊતેજીત થાય
- તેલિય અને પ્રસ્વેદગંથિઓની સકિયતા, વિશિષ્ટ ગંધ



# છોકરામાં આવતા પરિવર્તનો

છોકરાઓમાં ૧૦-૧૪ વર્ષ દરમિયાન ઝડપથી શારીરિક પરિવર્તનો આવે


- વૃષણ અને વૃષણ કોથળીમાં વૃધ્ધિ
- લિંગ અને શુક્રપિંડનું કદ વધે
- શુક્રાણુઓ ઉત્પન્ન થવા શરૂ થાય



# છોકરામાં આવતા પરિવર્તનો

છોકરાઓમાં ૧૦-૧૪ વર્ષ દરમિયાન ઝડપથી શારીરિક પરિવર્તનો આવે

- પ્રથમ વીર્ય સ્ખલન
- છોકરાઓનું લીંગ ઉત્થાન અનુભવે



# છોકરીમાં આવતાં પરિવર્તનો

છોકરીઓમાં થતાં ફેરફાર સામાન્ય રીતે


- ૮ - ૧૧ વર્ષની વયે શરૂ થાય અને
- લગભગ ૧૮ વર્ષની વયે પુરો થાય



# છોકરીમાં આવતાં પરિવર્તનો

ઈસ્ટોજનના પ્રભાવ હેઠળ થતાં ફેરફાર


- સ્તન અને નિતંબનો વિકાસ થાય છે.
- ગુપ્તાંગ પર અને બગલમાં વાળ ઊગે છે.
- પેઢુના હાડકાંની વૃધ્ધિ તેમજ વૃધ્ધિમાં ઉછાળો
- તેલિય અને પ્રસ્વેદગંથિઓની સક્રિયતા, વિશિષ્ટ ગંધ



# છોકરીમાં આવતાં પરિવર્તનો


ઈસ્ટોજનના પ્રભાવ હેઠળ

- યોનિમાર્ગ, ગર્ભાશય, ગર્ભાશયનું મુખ, બીજવાહિની નલિકાઓ અને બીજાશય (અંડાશયના કદમાં વધારો થાય છે.
- ગર્ભાશયની આંતરત્વચામાં ફલિત થયેલા બીજને ગર્ભાશયની દિવાલમાં પ્રસ્થાપિત કરવા ગર્ભાશયની આંતરત્વચાનું જાડું પડ કે ગાદી તૈયાર કરે છે.
- શારીરિક - માનસિક પરિપકવતા પ્રાપ્ત થાય છે.




# પ્રથમ માસિક

- સામાન્ય રીતે કિશોરીઓ માટે મૂંઝવણ ભર્યો અનુભવ હોય છે.
- દરેક કિશોરીને માસિક સ્ત્રાવ આવવાની શરૂઆત થાય તે પહેલાં જ તેને લગતી વૈજ્ઞાનિક માહિતી માતાએ / મોટી બહેનએ / શિક્ષિકા બહેનએ આપવી જોઈએ.
- સામાન્ય રીતે ૧૦ થી ૧૪ વર્ષની ઉંમર થતા શરૂ થાય છે




# માસિક એટલે શું ?


- સ્ત્રીબીજ હમેંશા ફલિત થતું નથી તેથી ફલિત થયા વગરનું આવું સ્ત્રીબીજ ગર્ભાશયમાં ઓગળી જાય છે.
- સ્ત્રીબીજને પોષણ પૂરૂ પાડવાનું ન હોવાથી ગર્ભાશયની દીવાલ તૂટી જાય છે.
- જે રકતસ્ત્રાવ રૂપે બહાર આવે છે.
- આ ક્રિયાને માસિક કહે છે.




ચિત્ર-3




ચિત્ર-4




ચિત્ર-5

# કિશોરાવસ્થાની મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યા

- લોહતત્વની ઉણપના કારણે થતો એનેમીયા (પાંડુ રોગ)
- છોકરા - છોકરીઓમાં લૈંગિક ભેદભાવને કારણે ખોરાકની વહેંચણીમાં  ભેદભાવ
- છોકરાઓમાં સાહસિક વૃતિના લીધે અકસ્માત અને નાની મોટી ઈજા થઈ શકે - દાત . જોશમાં આવી વધુ સ્પીડમાં વાહન દોડાવવું





# કિશોરાવસ્થાની મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યા

અપરિપકવતા (કાચી સમજ)ને લીધે

- વહેલા લગ્ન અને વહેલું માતૃત્વ કિશોરીઓ માટે જોખમી
- કિશોરાવસ્થામાં ગર્ભપાતનું પ્રમાણ જોખમી
- કિશોરાવસ્થા દરમ્યાન જાતીય રોગો





# ડૉ. મીના શાહ - નમસ્તે લાઈફ

**Content Created By**
Dr Meena Shah – Pediatrician, Master Trainer & Health Communication Consultant
**Supported By** : Dr Vinubhai M. Patel - I E C Consultant
**Design & Creative Input By** : Ms Priti V. Solanki

**E Mail** – drmeenashah@medico-media.net
**Web** – www.drmeenashah.com
**Contact :** 079 26400405

**સહયોગ : મેડિકો મીડિયા કમ્યુનિકેશન્સ**